**(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૫ મુજબનો ચુકાદો)**
**અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**આંક–**

| | | |
|---|---|---|
| (અ) કેસનો અનુક્રમ નંબર | :– | ૮૬૨૫૯/૧૯ |
| (બ) ગુન્હો બન્યાની તારીખ | :– | |
| (ક) ફરીયાદીનું નામ | :– | શ્રી સરકાર |
| (ડ) આરોપીઓના નામ અને સરનામું | :– | સંજયભાઈ પોપટભાઈ ચૌહાણ |
| (ઈ) ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ | :– | જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબ |
| (ફ) આરોપીનો જવાબ અને તપાસણી | :– | |

સવાલઃ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબઃ– મને ગુનો કબુલ છે.

.......................................................

**મારી રૂબરૂ**

**અમદાવાદ** **ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**તા. ૦૮.૦૨.૨૦૨૦** **અમદાવાદ**

(૧) આ કામમાં શાહીબાગ પોલીસ સ્ટેશન દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ધી જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓએ ત્યારબાદ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં ગુના કબુલાત પુરસીસ આંક–૦૩ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીઓની જુગાર ધારા કલમ–૧૨(અ) ના ગુના માટે આંક–૦૪ થી પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતાં આરોપીઓએ તેઓ ગરીબ વ્યક્તિઓ છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને તેમના પર તેમના કુટુંબના તમામ સભ્યોની જવાબદારી છે. જેથી તેમને યોગ્ય દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગો તથા આરોપીઓ વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

**<u>હુ ક મ</u>**

આરોપીને ધી જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂ. ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૨ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ.વાય.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા. ૦૮.૦૨.૨૦૨૦